ગાંધીનગર સમાચાર
તા. ૮-૬-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

ગુજરાતની શ્વેતક્રાંતિ રંગ લાવે છે

વર્ગીસ કુરિયને ઉંમરના અવશેષે આત્મકથા લખાવી, જેનું શીર્ષક છે: 'આઇ ટુ હેડ એ ડ્રીમ' ગુજરાતીમાં 'મારું સ્વપ્ન' મથાળા હેઠળ આર.આર.શેઠની કંપની દ્વારા એનો અનુવાદ પ્રકાશિત થયો હતો. આ કેરળના ખ્રિસ્તી ટેકનોક્રેટનું સપનું હતું. ભારતના ખેડૂતને પશુપાલનની માતબર આવક દ્વારા પગભર બનાવવાનું. અમૂલ ડેરીના સ્થાપક ત્રિભોવનદાસ પટેલ જેવા કૃષિ-ઋષિ સાથે મળીને યુવાન કુરિયને એમનું આ શ્વેતક્રાંતિનું સપનું સાર્થક કરવા કમ્મર કસી અને જોતજોતામાં ચરોતરથી શરૂ થયેલો સહકારી ડેરી ઉદ્યોગ ઉત્તર ગુજરાતના ત્રણે જિલ્લાઓમાં પ્રસરી ગયો. ત્રિભોવનદાસ જેવી જ સ્વપ્નદૃષ્ટા ત્રિમૂર્તિ તે મહેસાણા દૂધસાગર ડેરીના સ્થાપક અને પ્રખર કૉંગ્રેસી અગ્રણી સ્વ. માનસિંહ પૃથ્વીરાજ પટેલ, સાબરકાંઠાની 'સાબર ડેરીના' સ્થાપક સ્વ. ભૂરાભાઈ ખોડીદાસ પટેલ અને બનાસકાંઠાના અભણ- અંગૂઠા છાપ ખેડૂત અગ્રણી સ્વ. ગલબાભાઈ પટેલ. દૂધસાગર, સાબર અને બનાસ ડેરીની સ્થાપના ઉત્તર ગુજરાતના મહેનતકશ કિસાન અને પશુપાલકોની ભાગ્યરેખા નીવડી છે. મેલાંઘેલાં લૂગડાં પહેરી ઢોર સાથે ઢોરની જેમ જીવતી પાટીદાર, ચૌધરી અને ઠાકોર તથા રબારી જેવી કોમોએ આજે અત્ર-તત્ર-સર્વત્ર જે કાઠું કાઢ્યું છે એના પાયામાં આ દૂધ ઉદ્યોગથી થયેલી માતબર આવક અને એના અનુષંગે સરજાયેલી સામાજિક જાગૃતિ પડેલી છે. અમૂલ બ્રાંડ એટલી લોકપ્રિય બની ચૂકી છે કે દૂધ ઉદ્યોગ સાથે સંકળાયેલી અન્ય સંસ્થાઓ કે બનાવટોમાં એ સૌથી વિશ્વસનીય બની રહી છે. ચીન સાથેના ઐતિહાસિક યુદ્ધ વખતે દુર્ગમ પહાડી ક્ષેત્રોમાં જીવના જોખમે દેશની સરહદોનું રક્ષણ કરતા સૈનિકોને પાવડર સ્વરૂપે દૂધ પૂરું પાડવાની માંગ ઊભી થવા પામી હતી. તે વખતે વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ મહેસાણાના સાંસદ રહી ચૂકેલા અડીખમ ચૌધરી નેતા માનસિંહભાઇ સમક્ષ અમૂલને પગલે સહકારી દૂધ ઉદ્યોગ શરૂ કરવા અંગે પ્રસ્તાવ મૂક્યો, જેની ફલશ્રુતિ લેખે ઉત્તર ગુજરાત આખું દૂધ ઉત્પાદનક્ષેત્રે હરણફાળ ભરી શક્યું હતું. આટલાં વર્ષો પછી આજે 'અમૂલ' બ્રાન્ડના નેજા હેઠળ ગુજરાત સમગ્ર એશિયા ખંડમાં પ્રથમ સ્થાન પર પહોંચ્યું હોય તો એનો ખરો યશ ઉપર ઉલ્લેખેલા દુગ્ધ-ઋષિઓને જ મળવો ઘટે. આપણી ડેરીઓએ પગ પહોળા કરીને હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં એમનાં નવાં એકમો શરૂ કર્યા છે. સહકારી ડેરીઓના ફેડરેશનના કર્ણધાર તરીકે કાર્યરત યુવાનેતા વિપુલ ચૌધરીના દૂરંદેશીપણાને લીધે ગુજરાતના પશુપાલકોનું દૂધ દિલ્હી અને કોલકાતાવાસીઓનાં ઘર સુધી પહોંચ્યું છે. ગુજરાતની સફળ શ્વેતક્રાંતિથી પ્રેરાઈ ગુજરાત સરકારે સાબરકાંઠા ખાતે કામધેનુ પશુપાલન યુનિવર્સિટી પણ શરૂ કરી છે. આજે ગુજરાતનું એક દિવસનું સરેરાશ દૂધ ઉત્પાદન ૧૨૭.૨૬ લાખ લિટર થવા પામ્યું છે. દૂધ ઉદ્યોગને કારણે પશુપાલન સાથે સંકળાયેલી મહિલાઓનું કિસ્મત ખૂલી ગયું છે. એક વિધવા બે દુધાળાં જાનવર પાળીને સુપર કલાસવન સરકારી અધિકારી જેટલી વ્હાઇટ કમાણી કરી શકે છે. મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાતના પશુપાલકોની ભાગ્યરેખા સાબિત થનારો આ સહકારી દૂધ ઉદ્યોગ હજી સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં પૂરતા પ્રમાણમાં વિકસી શક્યો નથી. જિલ્લે જિલ્લે સહકારી દૂધ ડેરીઓ રચાઇ છે પરંતુ જે ટેઇફ ઓફ એમને શરૂઆતમાં મિલ્કસિટી આણંદ ખાતે અને તે પછી ઉત્તર ગુજરાતમાં પ્રાપ્ત થયો છે તે અન્યત્ર થવો બાકી છે. એક મુદ્દે વિમાસણ જરૂર અનુભવાતી રહી છે: ખેડૂતો અને પશુપાલકોને પોષણક્ષમ ભાવો આપવાના બહાને 'અમૂલ' દૂધના ભાવમાં સતત એકધારો ભાવવધારો થતો રહ્યો છે. આ બાબતે થોડો સ્વવિવેક દાખવી મધ્યમવર્ગ અને નીચલા થરના લોકોની રોજિંદી જરૂરિયાત પ્રત્યે ધ્યાન આપવામાં આવશે તો દૂધનો રંગ વધુ ઊજળો બની રહેશે એમાં શંકાને સ્થાન નથી.

સત્ર શરૂ થયા બાદ નિઃશુલ્ક પુસ્તક શાળાઓને મોકલાશે

નિઃશુલ્ક પુસ્તક યોજનાનો લાભ તમામ યોગ્ય વર્ગોને મળે તે માટે પુસ્તકો મોડાથી બહાર પાડવા પુસ્તક બોર્ડનો નિર્ણય

અમદાવાદ, તા.૭

આગામી સોમવારથી શાળાઓનું શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે તેમ છતાં હજુ સુધી રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક પુસ્તકો લાભાર્થીઓને આપવાની યોજનાના પુસ્તકો બહાર પાડવામાં આવ્યા નથી ત્યારે પાઠ્યપુસ્તક મંડળના જણાવ્યા મુજબ મફત પાઠ્યપુસ્તક યોજનાનો લાભ ચોક્કસ વર્ગોના વિદ્યાર્થીઓને મળી રહે તે માટે સોમવારે શાળાઓનું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયા બાદ જ ધોરણ ૯ થી ૧૨ના નિઃશુલ્ક યોજનાના પુસ્તકો શાળાઓને મોકલવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા રાજ્યના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક પાઠ્યપુસ્તકો આપવાની જાહેરાત કરી હતી. હવે જ્યારે સોમવારથી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. તેમ છતાં પાઠ્યપુસ્તક મંડળ દ્વારા નિઃશુલ્ક પાઠ્યપુસ્તક યોજનાના પાઠ્યપુસ્તકો બહાર ન પડાતા શાળાઓ અને વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ત્યારે આ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના કાર્યવાહક પ્રમુખ નિતીન પેથાણીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા એસસી, એસટી, ઓબીસી સહિતના પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ખાસ નિઃશુલ્ક પાઠ્યપુસ્તક યોજના ચલાવવાય છે. આ યોજના અંતર્ગત પછાત વર્ગના ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને સરકાર તરફથી વિનામુલ્યે પાઠ્યપુસ્તકો પુરા પાડવામાં આવે છે. આ યોજના માટે રાજ્ય સરકારે પાઠ્યપુસ્તક મંડળને રૂપિયા ૭૨ કરોડની ગ્રાન્ટ પણ ફળવાઈ છે. પરંતુ આ યોજનાનો લાભ ચોક્કસ વર્ગના વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે આ વર્ષે પાઠ્યપુસ્તકો મોડા શાળાઓને આપવામાં આવશે. શાળાઓ શરૂ થાય તે પહેલા જ જો પાઠ્યપુસ્તકો શાળાઓને આપવામાં આવે તો શક્ય છે કે શાળાઓ દ્વારા આ પાઠ્યપુસ્તકો બજારમાં વેચવામાં આવે. આમ ન બને તે માટે શાળાઓ ખુલે ત્યાર બાદ જ ધોરણ ૯ થી ૧૨નાં નિઃશુલ્ક યોજનાના પાઠ્યપુસ્તકો શાળાઓને આપવામાં આવશે. આ યોજનાનો લાભ માત્ર ગ્રાન્ટેટ અને સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા પછાત વર્ગના વિદ્યાર્થીઓને જ મળશે. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા નિઃશુલ્ક પાઠ્યપુસ્તક યોજનામાં ભ્રષ્ટાચાર રોકવા પાઠ્યપુસ્તકો શાળાઓ શરૂ થયા બાદ શાળાઓને આપવાની યોજના બનાવાઈ છે. પરંતુ શક્ય છે કે નિઃશુલ્ક યોજનાના પાઠ્યપુસ્તકો મોડા મળતા પછાત વર્ગના વિદ્યાર્થીઓ બજારમાંથી પાઠ્યપુસ્તકો ખરીદી લે. જો આવું થશે તો રાજ્ય સરકારના કરોડો રૂપિયાના પાઠ્યપુસ્તકો ફરી એકવાર શાળાઓના ગોડાઉનમાં સડશે.



આઝાદી બાદ આ લોકોએ મેડિકલવાળા માટે રહેવા જ નથી દીધું... બાકી તો અમે પણ જાણીએ છીએ

સ્નાતક અભ્યાસક્રમ માર્કશીટ ન અપાતાં વિદ્યાર્થીઓ પરેશાન

પરિણામો જાહેર કરાયાને ૧૩ દિવસ થયા હોવા છતાંય યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને હજુ માર્કશીટ અપાઈ નથી

અમદાવાદ, તા.૭

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સલગ્ન કોલેજોની બીએ, બીકોમ, બીએસસી સહિતના સ્નાતક અભ્યાસક્રમોની પરીક્ષા લેવાઈ હતી. જેનું ઓનલાઈન પરીણામ જાહેર કરાયે ૧૩ દિવસ જેટલો સમય વિતી ચુક્યો છે. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને માર્કશીટ ન અપાતા અન્ય યુનિવર્સિટીઓ કે અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સની કુલ ૧૪૫ કોલેજો છે. જેમાં ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય ત્રણ કાર્યો પ્રવેશ, પરીક્ષા અને પરીણામ છે. પરંતુ યુનિવર્સિટી આ કાર્યક્રમોમાં હંમેશા નિષ્ફળ રહી છે. માર્ચ-એપ્રિલ ૨૦૧૩માં લેવાયેલી પરીક્ષાના પરીણામ જાહેર થયાને ૨૦ દિવસથી વધુ દિવસો વીતી ગયા છે. તેમ છતાં હજુ સુધી ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને માર્કશીટો આપવામાં આવી નથી. ગુજરાત યુનિવર્સિટીના આ નિષ્ક્રિયતાને કારણે વિદ્યાર્થીઓ હેરાન-પરેશાન થયા છે. ગુજરાત યુનિવર્સિટીના માસ્ટર ડિગ્રી પ્રવેશ ચાલુ થઈ ગયેલ છે. બીજી બાજુ ગુજરાતની અને ગુજરાત બહારની ઘણી યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. પણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માર્કશીટ ન હોવાને કારણે ક્યાંક પ્રવેશ લઈ શકતા નથી.

આ અંગે ગુજરાત યુનિવર્સિટીના વેલ્ફેર સભ્ય નરેન પટેલે જણાવ્યું હતું કે પરીક્ષાના પરીણામો જાહેર થયાના વીસ દિવસ જેટલો સમય થઈ ગયો હોવા છતાં વિદ્યાર્થીઓને પોતાની માર્કશીટ મળી નથી. વિદ્યાર્થીઓને તાકીદે માર્કશીટો ઉપલબ્ધ થાય તે હેતુથી એનએસયુઆઈ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટ્રારને અને પરીક્ષા નિયામકને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. આ આંદોલનમાં એનએસયુઆઈના કાર્યકરોએ "બંધ કરો, બંધ કરો, ભ્રષ્ટાચાર બંધ કરો, માર્કશીટ આપો, માર્કશીટ આપો, વિદ્યાર્થીઓને માર્કશીટ આપો અને હાય રે કુલપતિ હાય હાય"ના નારા સાથે ભારે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને આવનાર દિવસોમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં નહિં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારાઈ હતી.

આજે સરકારી જિલ્લા પુસ્તકાલયમાં જૂના સામયિકોનું વેચાણ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરની સરકારી જિલ્લા પુસ્તકાલયમાં જૂના સામયિકો વેચાણ અર્થે મુકવામાં આવશે.

સરકારી જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગરમાં આજે તા. ૮મી જૂન ૨૦૧૩ને શનિવારે સવારે ૯ થી બપોરના ૧૨ કલાક દરમિયાન જૂના સામયિકો વેચાણ કરવામાં આવશે એમ જિલ્લા ગ્રંથપાલ જયરામ દેસાઈએ જણાવ્યું છે.

આજે શનિદેવ મંદિર ખાતે વિશેષ હવન અને પૂજાપાઠ

ગાંધીનગર, તા. ૭

શનિદેવ મંદિર, અડાલજ ખાતે શનિ જયંતિ નિમિત્તે ધાર્મિક હવનનું આયોજન કરવામાં આવ્યું છે.

શનિદેવ મંદિર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હિરેનભાઈ ઉપાધ્યાયે આ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે શનિ જયંતિ નિમિત્તે સવારના ૯ કલાકથી મંદિર ખાતે ધાર્મિક હવન તેમજ પૂજાપાઠનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

તેમણે આ ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા શનિદેવ મંદિરે દર્શનાર્થે પધારવા સૌ ભાવિકજનોને નિમંત્રણ પાઠવ્યું છે.

શહેરોમાં ૨૦થી ૨૨ જૂન શાળા પ્રવેશોત્સવ યોજાશે

અમદાવાદ, તા.૭

રાજ્યમાં સતત અગિયારમાં વર્ષે કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવનું અભિયાન તા. ૧૩, ૧૪, ૧૫ જૂનના દિવસોએ ગ્રામવિસ્તારમાં અને તા. ૨૦, ૨૧, ૨૨ જૂનના દિવસોમાં શહેરી વિસ્તારમાં હાથ ધરાશે.

વર્ષો વર્ષ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં સમાજની સંવેદના અને જનભાગીદારી વિકસાવવા ઘણાં નવા આયામો આપણે સામેલ કર્યા છે. તેમ જણાવી મુખ્યમંત્રીએ ભારપૂર્વક ઉમેર્યું કે આ સરકારી કાર્યક્રમ નથી પણ સમાજ પ્રત્યેનું આપણું ઋણ અદા કરવાનો એવો અવસર છે જે જીવનમાં સંતોષ અને ઊર્જાની આપણને પણ અનુભૂતિ કરાવશે.

માણસા વિઘ્નેશ્વરી ટ્રસ્ટ દ્વારા ચોપડા વિતરણ

માણસા, તા. ૭

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે આવેલા શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાના વડલે અને માં પાલાઈ વિઘ્નેશ્વરી ધામ દ્વારા રાહતદરે ચોપડા વિતરણ કરવામાં આવી રહ્યું છે.

માણસાના અરવિંદભાઈ શાહ, વાવ દરવાજા, બજારમાંથી તથા નવીનભાઈ પારેખ, પારેખવાસ, શાક માર્કેટ પાસે, બજારમાંથી તેમજ આનંદીમાના વડલે, મલાવ તળાવ પાસે, માણસા-મકાખાડ રોડ, માણસા ખાતે દર રવિવારે બપોરે ૩ થી ૬ ૧૪૮ પેઈઝના ચોપડા રાહતદરે એક ડઝન ૧૮૪૩ રૂ. લેખે આપવામાં આવી રહ્યા છે.

આજે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૭

શ્રી રામચરિત માનસના પંચમ સોપાન શ્રી સુંદરકાંડના સંગીતમય કથા પાઠ કાન્તીભાઈ યોગીની વ્યાસપીઠે આજે તા. ૮મી જૂને રાત્રે ૮.૩૦ કલાકે શ્રી પંચતીર્થ શોપીંગ કોમ્પલેક્ષ, સેક્ટર-૧, ગાયત્રી મંદિર પાસે વેપારી મહાજનના યજમાન પદે યોજાશે. ભાવિક ભક્તોને પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. નગરના પંચદેવ મંદિર, સેક્ટર-૨૨માં પણ સાંજે ૬.૩૦ કલાકે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

WEEKEND CREATIONS...

- BHARVI DANI (HILLWOODS SCHOOL, CLASS-VII)

PROJECTS : FRIEND or FOE

Hi friends,

Everybody has heard the word 'PROJECTS', they are a source of learning and also a great burden to children. Children think that projects are very mean because they spend their whole vacation in doing their projects because they have to submit in time.They think that because of projects their playing time is snatched. I think that projects are friends as well as foe. Projects help to learn new things. Some children need help from their parents for projects. For doing projects children also need to read books and need to do a lot of research on internet then only the projects will be done. Children feel lazy in doing this much research so they think that projects are foe. I think that projects are friends as they help to learn better and easily. With the help of projects children show their creative skills. In vacation by doing projects children become busy and active. Projects inspire a student to develop all his hidden powers.



I think that projects should be given but the school authorites should be giving it only in the main subjects. By giving much projects in vacation children feel that they can not enjoy their vacation properly.

So, freinds at last I would like to say by treating projects as a foe you will be feeling bored but if you treat projects as a friend then they will become great fun and may be by chance you can get good score too!

ખનીજતેલ ભરેલા જહાજોમાંથી તેલનું ગળતર થતા દરિયાઈ સપાટી તૈલી બને છે અને દરિયાઈ વનસ્પતિને સૂર્યપ્રકાશ ન મળવાથી તેના પર માઠી અસર થાય છે

'ખારા ખારા ઉસ જેવા આછા આછા તેલ
પોણી દુનિયા ઉપર એવા પાણી રેલમછેલ'

ઈ.સ. ૧૯૯૨માં બ્રાઝિલના રિયો ડી જેનેરો ખાતેના 'વિશ્વ પર્યાવરણ સંમેલન'માં સમંદરના દિનપ્રતિદિન બગડતા જતા સ્વાસ્થ્યને ધ્યાને લઈ મહાસાગર દીનતાને રોકવા આ દિન દર વર્ષે ૮ જૂને ઉજવાય છે. સૌ પહેલાં તો 'સાગર' **(Sea)** અને મહાસાગર **(Ocean)** વચ્ચેનો ભેદ સમજવા જેવો છે. આશરે વીસેક કરોડ વર્ષ પહેલાં ઊંચી સપાટી ધરાવતો એક મોટો ભૂસ્તરીય પોપડો જ્યારે તૂટ્યો અને તેના ટુકડા પરસ્પર વિરુદ્ધ દિશામાં સરક્યા ત્યારે કિચડમાં ચીપ પાડ્યા ખટારાના પૈડાની જેમ તેઓ લાવાના ઘટ્ટ રગડાને દાબતા ગયા. કિચડ સૂકાયા પછી ચાપ કાયમનું નક્કર સ્વરૂપ ધારણ કરે એ રીતે ત્યાં 'ગોબા' પડ્યા અને વરસાદી પાણી ભરાતા તેમાં મહાસાગરો બન્યા. દા.ત.. આફ્રિકા અને અમેરિકા વચ્ચે જ્યાં લાંબુ અંતર પડ્યું એ સ્થળે એટલાન્ટિક મહાસાગરે જન્મ લીધો. ઉપલા પોપડા ઠરીને દરમ્યાન ખંડોનું સ્વરૂપ પામ્યા. આ પ્રથમ ઘટના પછીના બીજા તબક્કામાં પણ ખંડોને વખતોવખત ભૂસ્તરીય ઝટકા લાગ્યા. કોઈ ઠેકાણે ફાટ પડી તો ક્યાંક ભારતીય ઉપખંડમાંથી શ્રીલંકા જેવા ટુકડા જ પડી ગયા. મહાસાગરોનું પાણી ત્યાંના ખાંચામાં ધસી આવ્યું. ભૌગોલિક રચના અને કદ મુજબ અખાત, સામુદ્રધુની, ઉપસાગર, સાગર એવાં નામો મળ્યાં. જો કે આપણે સમગ્ર સમુદ્રી વિસ્તારો, સમુદ્રોની વાત કરીએ છીએ.

પરંતુ આજે મહાસાગરોની સ્થિતિ કેવી છે? વિશ્વના મહાસાગરો પણ આજે વિશ્વના દેશોના કચરાની કચરાપેટી જેવા બની ગયા છે અથવા તે તરફ જઈ રહ્યા છે. પૌરાણિક કાળમાં સમુદ્રમંથન કરીને અમૃત કાઢવામાં આવ્યું તે કથા હવે ભૂલી જાય અને હાલના કળિયુગમાં 'ભૂમિમંથન' દ્વારા નીકળતાં જે વિવિધ પ્રકારના ઝેર ખુદ સમુદ્રએ પીવાના થાય છે. આપણા હિન્દ મહાસાગરની વાત કરીએ તો ભારતના નદીનાળા વરસાદી નિતાર સાથે દર વર્ષે ૫૨ લાખ ટન રાસાયણિક ખાત લાખોટન જંતુનાશક દવાઓ અને જથ્થાબંધ સિન્થેટીક ડિટર્જન્ટ ઠાલવે છે. ઉપરાંત સમગ્ર ભારતનો ૭૦ કરોડ ટન ઔદ્યોગિક કચરો, ૧૫ કોડ ટન ભારે ધાતુઓ તેમજ ૧૦ કરોડ ટન શહેરી ઉકરડો હિન્દી મહાસાગરમાં પધરાવાય છે. અત્યારે વિશ્વના અને ભારતના પણ કેટલાય વટવર્તી વિસ્તારો સમુદ્રી જીવોના અભાવે **(dead zone)** બની ગયા છે. ગ્રીનહાઉસ ઈફેકટના પાપે ઓગળી રહ્યા છે.બર્ફસ્તાનોને કારણે મહાસાગરોની જળસપાટી વધવાથી પેસિફિક મહાસાગરના ઘણા ટાપુઓ પર ખારા પાણીનાં મોજા હવે લાંબે સુધી પથરાવા લાગ્યા છે અને ખેતી ચૌપટ થવા લાગી છે. ગ્લોબલ વોર્મિંગ અસરથી સમુદ્રી પાણીના તાપમાનમાં થયેલા ફેરફારોને લીધે ઈ.સ. ૨૦૩૦ સુધીમાં જગતની ૬૦ ટકા પરવાળા સૃષ્ટિ સંદતર નાશ પામી ચૂકી હશે. ભરશિયાળામાં યુરોપીય દેશોને ખાસ્સી હૂંફ આપી તેમને કોલ્ડ સ્ટોરેજ બનતા અટકાવતો ગલ્ફ સ્ટ્રીમનો ગરમ પ્રવાહ ક્રમશઃ નબળો પડી રહ્યો છે, જે પણ સમુદ્રના તાપમાનની વધઘટ અને તેની વ્યાપક અસર સૂચવી ખતરાની ઘંટડી સમાન છે.

વિશ્વના દેશોના નૌકાદળના યુદ્ધજહાજો સબમરીનનો પત્તો લગાવવા માટે પોતાના સોનારયંત્રો વડે અશ્રાવ્ય અવાજના મોજા સાગરપેટાળમાં વહેતા મૂકે છે. માણસના કાન માટે તે અવાજ અશ્રાવ્ય ગણાય પણ વ્હેલ અને ડોલ્ફીન માટે તે ઘોંઘાટ છે. ખાસ કરીને વ્હેલ ઋતુપ્રવાસી પ્રાણી હોવાથી આ ઘોંઘાટથી તે દિશા શોધવામાં ગુમરાહ થઈ જાય છે અને યોગ્ય ઊંડાઈએ જવાને બદલે છીછરા કિનારે ફસાઈ જઈને ગૂંગળાઈ મરે છે. ચાલીસ વર્ષ પહેલાના પેસિફિક મહાસાગર કરતાં આજે પસિફિક મહાસાગર દસ ગણો વધારે ઘોંઘાટમય બન્યો છે. ભવિષ્યમાં અવાજનું પ્રદૂષણ આ જ ઝડપે વધતું રહે તો વ્હેલ અને ડોલ્ફિન માટે ભવિષ્ય સલામત નથી. ઈંડા મૂકવા ઓસ્ટ્રિયાના સાગરતટની મુલાકાત લેતા ઓલિવ રીડલી જાતના હજારો દરિયાઈ કાચબા માછીમારોની જાળમાં ફસાયા બાદ બેમોત મરે છે. નાયલોનની જાળીદાર નેટ વચ્ચે માથું કે પગ અટવાયા પછી તે શ્વાસ લેવા સપાટી પર આવી શકતા નથી અને મોતને અને વણજોઈતા સજીવો (જેમ કે કાચબા) પકડાય તેને પ્રકૃતિવિદો **(by catch)** કહે છે. દુનિયાભરના માછીમારો દર વર્ષે આવા ૩ કરોડ ટન બાય કેચને વગર આશયે પકડી તેમને મરેલી હાલતે ફરી સમુદ્રમાં ફેંકી દે છે. જેમાં દર વર્ષે ૪ લાખ ડોલ્ફિનનો, દસ લાખ નકામી શાર્કનો અને આઠ કરોડ મોટા પણ 'ટેસ્ટલેસ' માછલાનો સમાવેશ થાય છે. ઝિંગા પકડતા માછીમારો ભરચક જાળ બહાર કાઢે ત્યારે તેમાં ઝિંગા ફકત ૪ ટકા હોય છે. બાકીના ૯૬ ટકા પરત ફેંકી દેવાલાયક બાય કેચ માછલાં જેમને ફરી સમુદ્રમાં જતા પહેલાં વિના કારણે જ તરફડીને મરવું પડે છે! આ જાતનો અનહદ બગાડ કરીને માનવજાતે છેલ્લા ૫૦ વર્ષોમાં મત્સ્યસૃષ્ટિમાં ૨૮ ટકા જેટલો ઘટાડો કરી નાંખ્યો છે.

ખનીજતેલ ભરેલા જહાજોમાંથી તેલનું ગળતર થતા દરિયાઈ સપાટી તૈલી બને છે અને દરિયાઈ વનસ્પતિને સૂર્યપ્રકાશ ન મળવાથી તેના પર માઠી અસર થાય છે. ઉપરાંત દરિયાઈ તરલ જીવો પણ અસ્તિત્વ ટકાવી શકતા નથી. વળી ખાટલે મોટી ખોટ એ છે કે બેકટેરિયા પણ આ સપાટી પરના તેલનો ખાત્મો બોલાવી શકતા નથી.લગભગ ચાલીસેક વર્ષ પહેલાં ડૂબી ગયેલા અમેરિકી જહાજોનું ખનીજતેલન હાલની તારીખે દરિયા પર ફેલાયેલું છે અને સમગ્ર દુનિયામાં દરિયો આ ખનીજતેલના કદડાથી ખરડાઈ ગયો છે. વળી જહાજના બેજવાબદાર કપ્તાનો જહાજમાં બિનજરૂરી તેલી કચરો દર વર્ષે વીસ લાખ ટનના હિસાબો કિનારા પર તેનો નિકાલ કરવાને બદલે દરિયામાં વહેવડાવી દે છે. દરિયાઈ પક્ષીઓ દરિયામાં માછલી શોધવા ડૂબકી મારે તો તેલથી ખડકાઈ જાય છે અને પીછાં ચોટી જવાની ઉડી પણ શકતા નથી. આવી તો કંઈ કેટલીયે અસરો, ઘાતક અશરો દરિયા દેવને માથે તોળાઈ રહી છે. એટલે જ 'વિશ્વ મહાસાગર દિન' ઉજવવામાં આવે છે. આ દિવસે સમુદ્રી વિસ્તારોમાં, કાંઠાળ વિસ્તારોમાં જન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. રેત શિલ્પો રચવામાં આવે છે, વિવિધ સમુદ્રી વાનગીઓ **(Sea Food)** ની સ્પર્ધા યોજાય છે, પરંતુ પશ્ચિમના દેશોમાં વિશ્વ મહાસાગર દિન જેટલું પ્રચલન આપણા દેશમાં નથી, એનો અર્થ એવો હરગીજ નથી થતો કે આપણે ત્યાં સમુદ્રનું પ્રદૂષણ કે અન્ય પર્યાવરણીય ખતરા નથી. સમુદ્રને સંરક્ષણ આપતો આવો દિવસ તેના હેતુ સાથે વ્યાપક રીતે ઉજવાય તે આપણા સૌ પૃથ્વીવાસીઓ ના હિતમાં છે. વેકેશન વિહાર કરતી વખતે દીવ કે ગોવાના દરિયામાં ડૂબકી મારતી વખતે તમને સમંદરમાં 'ડૂસકાં' સંભળાય છે? ચાલો આપણે પણ સાગર સૃષ્ટિને બચાવીએ અને કહીએ ''એ સાગર કી લહેરો હમ ભી આતે હૈ ઠહરો...''

આજે ૮ જૂન વિશ્વ મહાસાગર દિન

- યતીન કંસારા